**MCX**

**મેટલ અને એનર્જી**

**વિશ્વાસ સાથે વેપાર**

**એમસીએક્સ ડેઈલી રિપોર્ટ...**

# એમસીએક્સ પર ટર્નઓવર વધી રૂ.૧૩,૨૫૫ કરોડઃ સોનામાં વધેલા પણ ચાંદીમાં ઘટેલા વેપારઃ કિંમતી ધાતુઓ અને ક્રૂડ વધુ ઢીલા

## કૃષિચીજોમાં જવ અને બટેટામાં ઘટાડોઃ સીપીઓ, રિફાઈન્ડ સોયાતેલ, ચણા-દિલ્હીમાં એકંદરે સુધારો

મુંબઇ, તા.૨૭

વીતેલા દિને એમસીએક્સ પર ૫,૦૩,૩૧૮ સોદામાં રૂ.૩૩,૬૭૩.૨૪ કરોડના વેપાર નોંધાયા હતા, જેમાં સોના-ચાંદીનો હિસ્સો રૂ.૧૫,૭૭૧.૩૪ કરોડનો હતો. સોનામાં રૂ.૧૧,૫૫૯.૩૯ કરોડ અને ચાંદીમાં રૂ.૪,૨૧૧.૯૫ કરોડનાં કામ થયાં હતાં. ક્રૂડ તેલમાં રૂ.૬,૪૧૮.૨૨ કરોડનાં ૧,૭૩,૨૭,૪૦૦ બેરલ્સનો ધંધો થયો હતો. સીસું-મિનીમાં રૂ.૧૭૩.૩૨ કરોડનાં ૧૯,૨૫૫ ટન અને જસત-મિનીમાં રૂ.૧૨૫.૯૨ કરોડનાં ૧૩,૬૫૩ ટનના વેપાર થયા હતા.

આજે સાંજે પાંચ વાગ્યા સુધીના પ્રથમ સત્રમાં એમસીએક્સ પર કામકાજનું પ્રમાણ વધ્યું હતું અને ગઈકાલના રૂ.૧૨,૪૪૪.૮૦ કરોડના વેપાર સામે આજે ૨,૦૫,૧૩૯ સોદામાં રૂ.૧૩,૨૫૫.૧૩ કરોડનો ધંધો થયો હતો, જેમાં સોના-ચાંદીનો હિસ્સો રૂ.૬,૦૪૪.૬૯ કરોડનો હતો. આજે સોનામાં ગઈકાલ કરતાં વધુ સારા કામ થયાં હતાં. આજે ૪૩,૯૩૬ સોદામાં રૂ.૪,૮૫૩.૦૩ કરોડનાં ૨૬,૮૦૧ કિલોના વેપાર થયા હતા, જે ગઈકાલે રૂ.૩,૫૫૮.૪૫ કરોડનાં ૧૯,૪૯૪ કિલોના હતા. આજે કુલ ઓપન ઈન્ટરેસ્ટ ૩૨,૯૧૦ કિલોનો હતો. ચાલુ વાયદામાં ૧૮,૪૩૦ સોદામાં રૂ.૪,૩૧૨.૪૩ કરોડનાં ૨૩,૮૧૬ કિલોના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ ૨૭,૦૯૨ કિલોનો હતો. મિની વાયદામાં ૨૧,૦૫૭ સોદામાં રૂ.૫૩૦.૫૫ કરોડનાં ૨,૯૩૦ કિલોનો ધંધો થયો હતો અને ઓપન ઈન્ટરેસ્ટ ૫,૬૯૬ કિલોનો હતો. ગિનીમાં આજે જોરદાર વેપાર થયા હતા. આજે ૪,૪૪૯ સોદામાં રૂ.૧૦.૦૫ કરોડની ૫૫ કિલો ગિનીનો વેપાર થયો હતો, જે ગઈકાલે ૩૨ કિલોનો થયો હતો. આજે ઓપન ઈન્ટરેસ્ટ ૧૨૨ કિલો રહ્યો હતો. સોનું આજે વધુ વ્યાપક રેન્જમાં ઘટ્યું હતું. આજે ભાવઘટાડાની રેન્જ રૂ.૬૧થી રૂ.૮૩ જેટલી હતી. ચાલુ વાયદામાં ઓગસ્ટ રૂ.૮૩ ઘટી રૂ.૧૮,૦૬૧, ઓક્ટોબર રૂ.૭૬ ઘટી રૂ.૧૮,૧૫૩, ડિસેમ્બર રૂ.૮૧ ઘટી રૂ.૧૮,૨૪૧ અને ફેબ્રુઆરી-૧૧નો વાયદો રૂ.૬૧ ઘટી રૂ.૧૮,૩૩૫ રહ્યા હતા. મિની વાયદામાં ઓગસ્ટ રૂ.૭૮ ઘટી રૂ.૧૮,૦૫૬, સપ્ટેમ્બર રૂ.૮૨ ઘટી રૂ.૧૮,૧૩૭ અને ઓક્ટોબર રૂ.૭૫ ઘટી રૂ.૧૮,૧૭૧ બંધ હતા. ગિનીમાં પણ ઘટાડો વ્યાપક પ્રમાણમાં હતો. જુલાઈ વાયદો રૂ.૭૦ ઘટી રૂ.૧૪,૫૪૧, ઓગસ્ટ રૂ.૫૬ ઘટી રૂ.૧૪,૬૪૦ અને સપ્ટેમ્બર રૂ.૬૩ ઘટી રૂ.૧૪,૬૬૭ના ભાવ રહ્યા હતા.

ચાંદીમાં આજે ટ્રેડરોની નિષ્ક્રિયતા વચ્ચે કામકાજ ઓછાં હતાં. આજે ૨૦,૩૫૦ સોદામાં રૂ.૧,૧૯૧.૬૬ કરોડની ૪૦૯.૫૯૦ ટન ચાંદીનો વેપાર થયો હતો અને ઓપન ઈન્ટરેસ્ટ ૭૮૦.૮૯૦ ટનનો રહ્યો હતો. ગઈકાલે રૂ.૧,૬૦૩.૧૯ કરોડની ૫૫૦.૫૭૦ ટન ચાંદીનો ધંધો થયો હતો. ચાંદીના ચાલુ વાયદામાં ૮,૩૬૭ સોદામાં રૂ.૯૭૯.૩૬ કરોડની ૩૩૬.૬૩૦ ટન ચાંદીના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ ૬૧૬.૧૧૦ ટન હતો. મિની વાયદામાં ૧૧,૯૮૩ સોદામાં રૂ.૨૧૨.૩૦ કરોડની ૭૨.૯૬૦ ટન ચાંદીનો ધંધો થયો હતો. ઓપન ઈન્ટરેસ્ટ ૧૬૪.૭૮૦ ટન હતો. ચાંદીના ગઈકાલે ઘટેલા વાયદા આજે વધુ ઘટ્યા હતા. ઘટાડાની રેન્જ રૂ.૪૯થી રૂ.૧૧૦ જેટલી હતી. ચાલુ વાયદામાં સપ્ટેમ્બર રૂ.૮૦ ઘટી રૂ.૨૯,૦૮૯, ડિસેમ્બર રૂ.૭૫ ઘટી રૂ.૨૯,૧૮૫, માર્ચ-૧૧ રૂ.૫૯ ઘટી રૂ.૨૯,૨૯૩ અને મે-૧૧ રૂ.૪૯ ઘટી રૂ.૨૯,૪૩૨ બંધ રહ્યો હતો. મિની વાયદામાં ઓગસ્ટ રૂ.૮૧ ઘટી રૂ.૨૯,૦૮૬, નવેમ્બર રૂ.૭૯ ઘટી રૂ.૨૯,૧૭૭, માર્ચ-૧૧નો વાયદો રૂ.૧૧૦ ઘટી રૂ.૨૯,૨૫૪ અને એપ્રિલ-૧૧નો વાયદો રૂ.૭૧ ઘટી રૂ.૨૯,૩૫૧ના ભાવ રહ્યા હતા.

બિનલોહ ધાતુઓમાં નિકલ સિવાયની ધાતુઓમાં તાંબુ, જસત અને સીસું ઢીલા હતા. એલ્યુમિનિયમમાં મિશ્ર વલણ હતું, જ્યારે નિકલમાં સુધારો હતો. તાંબાના બંને વાયદા ૬૦થી ૯૦ પૈસા, સીસાના મિની સહિતના બધા વાયદા ૩૦થી ૫૫ પૈસા અને જસતના મિની સહિતના બધા વાયદા ૫થી ૪૦ પૈસા ઘટ્યા હતા. એલ્યુમિનિયમમાં જુલાઈ ૫ પૈસા નરમ હતો, જ્યારે ઓગસ્ટ અને સપ્ટેમ્બર ૧૦-૧૦ પૈસા સુધર્યા હતા. નિકલના ત્રણેય વાયદા ૩૦ પૈસાથી રૂ.૧.૭૦ની રેન્જમાં વધ્યા હતા. તાંબા સિવાયની બધી ધાતુઓમાં આજે કામકાજ ઘટ્યાં હતાં. તાંબામાં રૂ.૨,૪૮૩.૦૫ કરોડનાં ૭૪,૭૪૬ ટન, નિકલમાં રૂ.૧,૦૨૨.૪૫ કરોડનાં ૧,૦૫૧.૨૫૦ ટન, એલ્યુમિનિયમમાં રૂ.૧૨૮.૯૦ કરોડનાં ૧૩,૪૯૫ ટન, સીસામાં રૂ.૫૫૬.૭૩ કરોડનાં ૫૯,૯૬૦ ટન, મિની સીસામાં રૂ.૫૭.૨૮ કરોડનાં ૬,૧૬૪ ટન, જસતમાં રૂ.૫૮૩.૩૬ કરોડનાં ૬૪,૮૪૦ ટન અને મિની જસતમાં રૂ.૮૩.૬૪ કરોડનાં ૯,૨૮૪ ટનના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ તાંબામાં ૪૨,૯૦૦ ટન, કલાઈમાં ૧ ટન, નિકલમાં ૩,૯૨૮.૫ ટન, એલ્યુમિનિયમમાં ૧૫,૪૮૦ ટન, સીસામાં ૪૭,૪૬૦ ટન, મિની સીસામાં ૬,૨૬૬ ટન, જસતમાં ૪૩,૯૪૫ ટન અને મિની જસતમાં ૬,૨૩૭ ટનનો હતો.

એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલમાં કામકાજ ઘટ્યું હતું, પણ નેચરલ ગેસમાં વધ્યું હતું. ક્રૂડ તેલમાં રૂ.૧,૭૭૯.૯૪ કરોડનાં ૪૮,૧૨,૬૦૦ બેરલ્સનાં કામકાજ અને નેચરલ ગેસમાં રૂ.૨૦૯.૮૨ કરોડનાં ૯૬,૫૨,૫૦૦ એમએમબીટીયૂનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલમાં ઓપન ઈન્ટરેસ્ટ ૩૪.૪૩ લાખ બેરલ્સનો રહ્યો હતો. બ્રેન્ટમાં કામકાજ ગઈકાલના સ્તરે જ જળવાઈ રહ્યું હતું. ક્રૂડ તેલના વાયદાના ભાવમાં ઘટાડો જળવાયો હતો, પણ તેની ગતિ ધીમી પડી હતી. ક્રૂડનો ઓગસ્ટ વાયદો રૂ.૪ ઘટી રૂ.૩,૭૦૩, સપ્ટેમ્બર રૂ.૪ ઘટી રૂ.૩,૭૩૩, ઓક્ટોબર રૂ.૮ ઘટી રૂ.૩,૭૬૦, નવેમ્બર રૂ.૭ ઘટી રૂ.૩,૭૯૪ બંધ થયો હતો, જ્યારે ક્રૂડ ડિસેમ્બર વધઘટ વગર ગઈકાલના જ રૂ.૩,૮૨૯ના સ્તરે બંધ થયો હતો. બ્રેન્ટ ક્રૂડ ઓગસ્ટ રૂ.૧૪ વધી રૂ.૩,૬૩૦ થયો હતો. નેચરલ ગેસમાં જુલાઈ વાયદો ૭૦ પૈસા, ઓગસ્ટ ૮૦ પૈસા અને સપ્ટેમ્બર ૪૦ પૈસા વધ્યા હતા. દરમિયાન, એક્સચેન્જે બુધવાર, ૨૮ જુલાઈથી નેચરલ ગેસનો ઓક્ટોબર-૨૦૧૦ કોન્ટ્રેક્ટ વાયદાનાં કામકાજ માટે ઉપલબ્ધ બનાવ્યો છે.

કૃષિ, તેલ-તેલીબિયાં અને અન્ય ચીજોના વાયદામાં ચણા-દિલ્હીમાં કામકાજ વધી રૂ.૫.૮૫ કરોડનાં ૨,૫૭૦ ટનનું થયું હતું અને ઓપન ઈન્ટરેસ્ટ સાધારણ ઘટી ૧૭,૩૩૦ ટને રહ્યો હતો. ચણા-દિલ્હીના વાયદામાં મિશ્ર વલણ હતું. ચણા ઓગસ્ટ રૂ.૧૫ વધી રૂ.૨,૨૬૮ અને સપ્ટેમ્બર રૂ.૧૨ વધી રૂ.૨,૩૧૦ સામે ઓક્ટોબર રૂ.૨૪ ઘટી રૂ.૨,૩૪૮ રહ્યો હતો. મેન્થા તેલમાં કામકાજ આજે ત્રણગણાથી વધુ વધી રૂ.૧૯૦.૨૪ કરોડનાં ૨,૬૬૧ ટનના પ્રોત્સાહક સ્તરે જોવાયું હતું અને ઓપન ઈન્ટરેસ્ટ ૩,૨૨૬ ટનનો હતો. મેન્થા તેલના વાયદા આજે પ્રત્યાઘાતી ઊંચકાયા હતા. મેન્થા તેલનો જુલાઈ વાયદો આગલા રૂ.૬૮૩.૬૦ સામે રૂ.૬૯૬.૮૦, ઓગસ્ટ આગલા રૂ.૭૧૨.૫૦ સામે રૂ.૭૨૬.૪૦ અને સપ્ટેમ્બર આગલા રૂ.૭૨૧.૩૦ સામે રૂ.૭૩૬.૨૦ બંધ થયો હતો.

અન્ય કોમોડિટીઝમાં ગઈકાલના ઘટાડાને પરિણામે આજે કામકાજનું પ્રમાણ ઓછું રહ્યું હતું. રિફાઈન્ડ સોયાતેલમાં રૂ.૨૨.૪૬ કરોડનાં ૪,૭૧૦ ટન, સીપીઓમાં રૂ.૨૭.૬૬ કરોડનાં ૭,૨૦૦ ટન, એલચીમાં રૂ.૨૭.૦૩ કરોડનાં ૧૭૭ ટન તથા બટેટામાં રૂ.૪.૫૯ કરોડનાં ૧૨,૬૩૦ ટનનાં કામકાજ થયાં હતાં. રિફાઈન્ડ સોયાતેલ અને સીપીઓના વાયદામાં પ્રત્યાઘાતી સુધારો જોવાયો હતો. એલચી વાયદામાં ઘટાડાનું વલણ વેગીલું રહ્યું હતું. એલચી ઓગસ્ટ વાયદો રૂ.૬૬.૭૦ ઘટી રૂ.૧,૬૦૦.૨૦, સપ્ટેમ્બર રૂ.૫૮.૩૦ ઘટી રૂ.૧,૩૯૭.૯૦, ઓક્ટોબર રૂ.૫૨.૪૦ ઘટી રૂ.૧,૨૭૦.૭૦ અને નવેમ્બર વાયદો રૂ.૪૫.૯૦ ઘટી રૂ.૧,૧૯૧.૫૦ રહ્યા હતા. બટેટાના બધા જ વાયદામાં રૂ.૧૫ની આસપાસનો ઘટાડો થઈ ઓગસ્ટ વાયદો રૂ.૩૬૦.૩૦, સપ્ટેમ્બર રૂ.૩૬૧.૮૦ અને સપ્ટેમ્બર રૂ.૩૬૪.૮૦ રહ્યો હતો. આ ઉપરાંત ગુવારસીડમાં ૩૩૦ ટન, મકાઈમાં ૩,૯૯૦ ટન અને જવમાં ૧૯,૦૩૦ ટનનાં કામકાજ થયાં હતાં.

કોમેડેક્સ ૨.૬૫ પોઈન્ટ વધી ૨૭૫૫.૮૪ બંધ હતો. અંતર્ગત આંકોમાં મેટલ ઈન્ડેક્સ ૯.૪૪ પોઈન્ટ ઘટી ૩૩૨૯.૦૬ અને એનર્જી ઈન્ડેક્સ ૪.૩૦ પોઈન્ટ વધી ૨૬૯૯.૩૮ તથા એગ્રી ઈન્ડેક્સ ૨૪.૦૫ પોઈન્ટ વધી ૨૨૭૩.૪૫ બંધ હતો.

દાવાત્યાગ : આ રિપોર્ટ ફક્ત સામાન્ય જાણકારી આપવાના ઉદ્દેશથી બનાવાયો છે, જોકે એક્સચેન્જે વાસ્તવિક જાણકારી આપવાનો દરેક શક્ય પ્રયાસ કર્યો છે. આ રિપોર્ટ એ શરતે ઉપલબ્ધ છે કે આમાં રહેલી કોઈ ભૂલચૂકને દાવા, માગ કે કાનૂની કાર્યવાહી માટે આધાર બનાવી શકાશે નહી. * ટર્નઓવરનો આંકડો ગઈકાલ રાતના અને આજના દિવસના સત્રનો સંયુક્ત છે.

MCX

મેટલ અને એનર્જી

વિશ્વાસ સાથે વેપાર

## એમસીએક્સના વાયદાના ભાવ

| કોમોડિટી | પાકતી તારીખ | ખૂલી | વધી | ઘટી | બંધ | વધઘટ |
|---|---|---|---|---|---|---|
| ગોલ્ડ-ગિની | ૩૧-૦૭-૧૦ | ૧૪૬૦૫.૦૦ | ૧૪૬૧૬.૦૦ | ૧૪૫૨૮.૦૦ | ૧૪૫૪૧.૦૦ | -૭૦.૦૦ |
| સોનું | ૦૫-૦૮-૧૦ | ૧૮૧૩૦.૦૦ | ૧૮૧૫૩.૦૦ | ૧૮૦૩૫.૦૦ | ૧૮૦૬૧.૦૦ | -૮૩.૦૦ |
| સોનુ-મિની | ૦૫-૦૮-૧૦ | ૧૮૧૧૧.૦૦ | ૧૮૧૩૮.૦૦ | ૧૮૦૩૨.૦૦ | ૧૮૦૫૬.૦૦ | -૭૮.૦૦ |
| ચાંદી-મિની | ૩૧-૦૮-૧૦ | ૨૯૧૭૨.૦૦ | ૨૯૧૭૨.૦૦ | ૨૯૦૨૫.૦૦ | ૨૯૦૮૬.૦૦ | -૮૧.૦૦ |
| ચાંદી | ૦૪-૦૯-૧૦ | ૨૯૧૪૯.૦૦ | ૨૯૧૪૯.૦૦ | ૨૯૦૨૬.૦૦ | ૨૯૦૮૯.૦૦ | -૮૦.૦૦ |
| તાંબુ | ૩૧-૦૮-૧૦ | ૩૩૩.૩૦ | ૩૩૩.૬૫ | ૩૩૦.૬૫ | ૩૩૩.૦૦ | -૦.૯૦ |
| નિકલ | ૩૦-૦૭-૧૦ | ૯૬૯.૨૦ | ૯૭૬.૬૦ | ૯૬૬.૦૦ | ૯૭૦.૨૦ | ૦.૩૦ |
| એલ્યુમિનિયમ | ૩૦-૦૭-૧૦ | ૯૫.૨૫ | ૯૫.૭૦ | ૯૫.૦૦ | ૯૫.૪૫ | -૦.૦૫ |
| સીસું-મિની | ૩૦-૦૭-૧૦ | ૯૩.૦૫ | ૯૩.૪૦ | ૯૨.૪૫ | ૯૨.૬૫ | -૦.૫૫ |
| સીસું | ૩૦-૦૭-૧૦ | ૯૩.૦૫ | ૯૩.૪૦ | ૯૨.૪૫ | ૯૨.૬૫ | -૦.૫૫ |
| જસત | ૩૦-૦૭-૧૦ | ૯૦.૧૦ | ૯૦.૩૫ | ૮૯.૪૦ | ૮૯.૯૦ | -૦.૪૦ |
| જસત-મિની | ૩૦-૦૭-૧૦ | ૯૦.૧૦ | ૯૦.૪૦ | ૮૯.૪૦ | ૮૯.૯૦ | -૦.૩૫ |
| ક્રૂડ તેલ | ૧૯-૦૮-૧૦ | ૩૭૦૩.૦૦ | ૩૭૦૮.૦૦ | ૩૬૮૭.૦૦ | ૩૭૦૩.૦૦ | -૪.૦૦ |
| બ્રેન્ટ ક્રૂડ તેલ | ૧૦-૦૮-૧૦ | ૩૬૩૬.૦૦ | ૩૬૩૬.૦૦ | ૩૬૨૦.૦૦ | ૩૬૩૦.૦૦ | ૧૪.૦૦ |
| નેચરલ ગેસ | ૨૭-૦૭-૧૦ | ૨૧૬.૯૦ | ૨૧૭.૬૦ | ૨૧૬.૫૦ | ૨૧૭.૧૦ | ૦.૭૦ |
| રિફા. સોયા તેલ | ૧૪-૦૮-૧૦ | ૪૭૩.૦૦ | ૪૮૦.૨૫ | ૪૭૨.૮૦ | ૪૭૯.૭૦ | ૪.૮૦ |
| સીપીઓ | ૩૧-૦૭-૧૦ | ૩૮૬.૬૦ | ૩૯૨.૩૦ | ૩૮૬.૧૦ | ૩૯૦.૩૦ | ૧.૯૦ |
| ચણા-દિલ્હી | ૨૦-૦૮-૧૦ | ૨૨૫૬.૦૦ | ૨૨૭૬.૦૦ | ૨૨૪૯.૦૦ | ૨૨૬૮.૦૦ | ૧૫.૦૦ |
| એલચી | ૧૪-૦૮-૧૦ | ૧૬૬૦.૦૦ | ૧૬૬૫.૦૦ | ૧૬૦૦.૨૦ | ૧૬૦૦.૨૦ | -૬૬.૭૦ |
| બટેટા-આગ્રા | ૧૪-૦૮-૧૦ | ૩૬૬.૦૦ | ૩૬૬.૦૦ | ૩૬૦.૩૦ | ૩૬૦.૩૦ | -૧૫.૦૦ |
| મેન્થા તેલ | ૩૧-૦૭-૧૦ | ૬૮૫.૫૦ | ૭૦૩.૮૦ | ૬૮૪.૬૦ | ૬૯૬.૮૦ | ૧૩.૨૦ |
| કપાસ | ૩૦-૦૪-૧૧ | ૬૧૯.૯૦ | ૬૧૯.૯૦ | ૬૧૯.૯૦ | ૬૧૯.૯૦ | ૩.૨૦ |
| ગુવારસીડ | ૨૦-૦૮-૧૦ | ૨૨૭૫.૦૦ | ૨૩૨૨.૦૦ | ૨૨૭૫.૦૦ | ૨૩૧૯.૦૦ | ૨૪.૦૦ |
| મકાઈ | ૨૦-૦૮-૧૦ | ૧૧૧૮.૫૦ | ૧૧૨૬.૦૦ | ૧૧૧૧.૦૦ | ૧૧૨૪.૫૦ | ૧૦.૦૦ |
| જવ | ૨૦-૦૮-૧૦ | ૧૧૪૫.૦૦ | ૧૧૪૫.૮૦ | ૧૧૨૭.૦૦ | ૧૧૩૭.૬૦ | -૪.૬૦ |

દાવાત્યાગ : આ રિપોર્ટ/ભાવકોપી ફક્ત સામાન્ય જાણકારી આપવાના ઉદ્દેશથી બનાવાયો છે, જોકે એક્સચેન્જે વાસ્તવિક જાણકારી આપવાનો દરેક શક્ય પ્રયાસ કર્યો છે. આ રિપોર્ટ એ શરતે ઉપલબ્ધ છે કે આમાં રહેલી કોઈ ભૂલચૂકને દાવા, માગ કે કાનૂની કાર્યવાહી માટે આધાર બનાવી શકાશે નહી. * ટર્નઓવરનો આંકડો ગઈકાલ રાતના અને આજના દિવસના સત્રનો સંયુક્ત છે.